# હિંમતનગરના નિત્યમ અને ચિરાગીએ યોગક્ષેત્રે ચાઈનામાં ભારતનો ઝંડો લહેરાવ્યો

## કુલ ૧૮૩ બાળકોએ ભાગ લીધો હતો જેમાં નિત્યમ ચોથા સ્થાને આવ્યો

પ્રાંતિજ, તા. ૫

હિંમતનગર પાસેના હિંમતનગર કંપામાં ખેડૂત અને વેપાર ધંધો કરતાં પાટીદાર સમાજના ગીરીશભાઈ પટેલનો પુત્ર નિત્યમે ચાઈનામાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય યોગ ચેમ્પિયનશીપમાં ચોથા ક્રમે આવી ટ્રોફી અને સર્ટીફિકેટ મેળવ્યું છે. તેમજ પુત્રી ચિરાગીની ઉ.વ. ૧૬ વર્ષ જેને હરીયાણામાં ગોલ્ડ મેડલ મેળવી ચીનમાં પ્રમાણપત્ર મેળવી સમગ્ર ભારતનું તેમજ સાબરકાંઠા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે યોગની બોલબાલા વધી છે ત્યારે આઈ.વાય.સી. થીસ્ટ-૫ ઈન્ટરનેશનલ યોગ ચેમ્પિયન શીપમાં બેઈજિંગ ચાઈનામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાતમાંથી ૧૬ જેટલા બાળકો તેમજ વિશ્વભરના કુલ ૧૮૩ બાળકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં સાબરકાંઠા જિલ્લાના નિત્મય ગીરીશભાઈ પટેલે અન્ડર ફીપ્ટીમાં ચોથો ક્રમે આવી ટ્રોફીથી વિજયી બન્યા હતા. અને રીધ્ધમ પેરી યોગમાં છઠ્ઠા ક્રમે આવી પ્રમાણપત્ર મેળવી ભારતનો ડંકો વગાડી દીધો હતો. જ્યારે ગીરીશભાઈની પુત્રી ચિરાગીએ પણ હરીયાણામાં ગોલ્ડમેડલ મેળવી ચીનમાં પ્રમાણપત્ર મેળવી સમગ્ર સાબરકાંઠા જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, સાબરકાંઠાના સાંસદ દિપસિંહ રાઠોડે રૂબરૂ મળી શુભેચ્છાઓ પાઠવી હતી. જ્યારે ગ્લોબલ મિશન ઈન્ટરનેશનલ સ્કૂલમાં અમદાવાદમાં અભ્યાસ કરે છે અને સ્કૂલ દ્વારા પણ બન્ને ભાઈ-બહેનને અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને કોચ દિવ્યા પરમારે પણ અભિનંદન આપ્યા હતા.

જ્યારે આ યોગ ચેમ્પિયનશીપમાં ગુજરાતમાંથી ૧૬ સહિત વિસ્વભરમાંથી ૧૮૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતના ફાળે ૭ ગોલ્ડ મેડલ, ૧૦ સિલ્વર મેડલ અને ૯ કાંસ્ય ચંદ્રક મળી કુલ ૨૬ મેડલ આવ્યા હતા. સ્પર્ધામાં તાઈવાન, હોંગકોંગ, વિયેટનામ, થાઈલેન્ડ, ચાઈના, ભારત, મલેશિયા અને અમેરિકાએ ભાગ લીધો હતો.

# અફવાઓનો આતંક : અરવલ્લી જિલ્લો પણ અફવાઓમાં લપેટાયો

મોડાસા, તા. ૫

છેલ્લા દસ દિવસથી રાજયના કેટલાક જીલ્લાઓમાં હુમલાખોરોની ટોળકી લોકોને નિશાન બનાવી મારઝૂડ કરી રહી હોવાની વહેતી થએલી વાતોથી લોકોમાં અજંપા ભરી લાગણી -વર્તી રહી છે ત્યારે આ અજંપાભરી સ્થિતિ અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ફેલાઈ ચુકી છે અફવાઓના દોરમાં લોકોને ફરજીયાત પણે જાતે જ ચોકી પહેરો કરવો પડે છે. પોલીસ તંત્ર દ્વારા આ મામલે કોઈ કાર્યવાહી ન કરતા લોકોમાં રોષ ફેલાયો છે.

અમદાવાદ, ગાંધીનગર, ખેડા જિલ્લાઓના કેટલાય વિસ્તારોમાં છેલ્લા કેટલાય વિસ્તારોમાં છેલ્લા દસ દિવસથી અફવાઓના દોર ફેલાએલો છે જેમાં કેટલાક સશસ્ત્ર હુમલાખોરો લોકોને અને તેમાંય મહિલાઓને નિશાન બનાવી રહ્યાંની એક વાત ચોમેર ફેલાઈ છે. આ -કારની અફવાઓથી લોકોની ઉઘ હરામ થઈ ગઈ છે. અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના વડાગામ સહીત આસપાસના ગામડાઓમાં પણ આ -કારની અફવાઓએ જોર પકડતા વડગામ સહિતના આસપાસ વિસ્તારોના લોકો ભયના માહોલ વચ્ચે રાત્રીના ઉજાગરા વેથી ચોકી પહેરો કરી રહ્યાં છે.

વડગામ વિસ્તારમાં છેલ્લા ૧૦ દિવસથી આ પરિસ્થિતિનું નિર્માણ થયું હોવા છતાં લોકોમાં પણ આ માત્ર અફવા હોવાનું સમજવા વહીવટી તંત્ર ધ્વારા કોઈ જ કાર્યવાહી ન કરતા લોકો વધુ ચિંતાતુંર બન્યા છે. અરવલ્લી જીલ્લામાં પણ લોકો હુમલાખોરના ભયના ઓથાર હેઠળ જીવવા મજબુર બન્યા છે. છેલ્લા ૧૦ દિવસથી જીલ્લાના બાયડ, ધનસુરા, તાલુકામાં લોકો ખાવાપીવાનું પણ ભૂલી ગયા છે અને કથિત હુમલાખોર આવ્યાની બુમાંરોળ વચ હાથમાં લાકડીયો, ધરિયા જેવા હથિયાર રાખી રાત્રી પહેરો કરી રહ્યાં છે. જેમાં મહિલાઓ પણ હથિયાર ધારણ કરીને પોતાના વિસ્તારોમાં કહેવાતા હુમલાખોરોથી બચવા ઉજાગરા વેથી રહી છે. દસ દિવસના ગાળામાં ૩ વખત વડાગામના શ્રમજીવી વિસ્તારમાં હુમલાખોર ટોળકીએ હુમલો કરવા -યાસ કર્યો હોવાનું સ્થાનીક જણાવી રહ્યાં છે. ત્યારે પોલીસ તંત્ર આ વાતને માત્ર મજાક સમજી લોકોની રજૂઆત સામે આંખ આડા કાન કરી રહ્યું છે.

અરવલ્લી જીલ્લામાં ટોળકી ધ્વારા હુમલો કરવાના -યાસો કરાઈ રહ્યાં હોવાની વહેતી થયેલી વાતોથી દિવસ બહાર ખેતી કામ અને મજુરી કરી થાક્યા પાક્યા આવેલા લોકોને શાંતિથી જમવાનું પણ નસીબ થતું નથી અને ફરજીયાત પાને પોતાના પરિવારની સુરક્ષા માટે આખી રાત જનતા પેટ્રોલીગ કરવા મજબુર બનવું પડ્યું છે. સમગ્ર ગુજરાત રાજયમાં હુમલાખોર ટોળકીના આંતકની વાતોએ જોર પકડ્યું છે ત્યારે તાજેતરમાં જ હુમલાખોર ટોળકીના લોકો ધ્વારા ગાંધીનગર, અમદાવાદ અને ખેડા જીલ્લામાં લોકો હુમલો કરાયા બાદ પોલીસે તંત્રએ આ જીલ્લાઓમાં કઈક અંશે પોલીસ પેટ્રોલિંગ સગન બનાવી લોકોમાંથી આ ભયને દુર કરવા -યાસ સારું કર્યા છે ત્યારે.

# દૂધ મંડળીના સેક્રેટરીને મરવા મજબૂર કરનાર ચાર ઝડપાયા

મોડાસા, તા. ૫

મોડાસા તાલુકાના જુના વડવાસા ગામે દૂધ મંડળીના સેક્રેટરીને મરવા મજબૂર કરનાર ત્રણેય આરોપીઓને પોલીસે ઝડપી


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

લીધા હતા. આ ત્રણેય આરોપીઓની ધરપકડ કરી લબ જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે જયારે રૂરલ પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

જૂના વડવાલા ગામે દૂધ મંડળીના મકાનમાં સેક્રેટરી સબાજી ભાથીજી પરમારે ગળે ફાંસો ખાઈ લીધો હતો અને મંડળીના જ ચાર સભાસદોએ ત્રાસ આપતાં આપઘાતનુ પગલુ ભર્યુ હોવાની સ્યુસાઈડ નોટ લખી હતી. આ સ્યુસાઈડ નોટને આધારે રૂરલ પોલીસે સેક્રેટરીને મરવા મજબૂર કરવા બદલ પરમાર પરબતસિંહ ધુળસિંહ, પરમાર બાબુસિંહ ધુળસિંહ, ચૌહાણ વિક્રમસિંહ કાળુસિંહ અને ચૌહાણ દશરથસિંહ કલૂસિંહ સામે ગુનો નોંધ્યો હતો.દ રમિયાન પોલીસે આ ત્રણેય શખ્શોની ધરપકડ કરી લીધી હતી અને કોર્ટમાં રજૂ કરી મોડાસાની સબજેલમાં ધકેલી દીધા હતા. મંડળીના હિસાબો મુદ્દે ચાર શખ્શોએ વારંવાર કહેતાં કંટાળીને સેક્રેટરીએ આપઘાત કરી લીધો હતો. પોલીસે આરોપીઓની ધરપકડ બાદ આ કેસની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજમાં અફવાઓની મોસમ ખીલી

## તંત્ર અફવાઓ રોકવા તથા જાગૃતા લાવવામાં નિષ્ફળ

પ્રાંતિજ, તા. ૫

મળતી માહિતી મુજબ ગુજરાતના કેટલાય જિલ્લાઓમાં અફવાઓએ જોર પકડ્યું છે અને લોકો ઉઘમાં પણ બુમબરાડા પાડતા જોવા મળે છે ત્યારે આજકાલ અફવાઓ અને ગપ્પા મારવાનું કોમ્પીટેશન ચાલતી હોય તેમ લોકો એક પછી એક નવા પડીકા છુટા મુકતાં સંધ્યાકાળ (દિવસ આથમતા) થતાં જ ગામડાઓમાં લોકો ઘરની ચાર દિવાલમાં પોતાના જ મકાનમાં કેદ થઈ જાય છે.

જ્યારે મોબાઈલ વોટસોપ દ્વારા પણ લોકોને જુના વિડીયો કે ડરાવણી ફોટા કે લખાણ મોકલી અફવાઓ સ્વરૂપે ડરાવવામાં આવે છે. ત્યારે સ્કૂલોમાં જતાં વિદ્યાર્થીઓ પણ શાળામાં આતંકવાદીઓ આવ્યા, ચડ્ડી બનીયનધારી આવ્યા, ચોર આવ્યા હે ફટકાર ટુકડી આવી વગેરે વાતોથી એક બીજાને ડરાવતા હોય છે અને પોતે પણ ડરતા હોય છે. ત્યારે પ્રાંતિજમાં આવેલ ભાંખરીયા ટેકરાવાસ, બોખ વિસ્તારમાં, ગલેચી ભાગોળ, રેલવે સ્ટેશન વગેરે વિસ્તારોમાં લોકો રાત્રીના પહેરા ગોઠવેલ છે અને જાગરણ કરવાનો વારો આવ્યો છે. ત્યારે જેમના શિરે જે જવાબદારી છે તે તંત્ર હાલ તો જનતાને જાગરણ કરતી જોઈને મજાની નિંદ્રા લેતું હોય તેવું જણાઈ આવે છે.

ત્યારે તાત્કાલિક રાત્રીન બંદોબસ્ત કે રાત્રી દરમ્યાન વોચ રાખવામાં આવે અને પોલીસ દ્વારા પેટ્રોલીંગમાં વધારો કરવામાં આવે અને નાના મોટા ગામડાઓમાં રાત્રીના સમયે પોલીસ રાઉન્ડ જાય અને તાલુકા લેવલે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં લોકોને જાગરૂકતા આવે તે માટે વિવિધ ગામના સરપંચો તથા ગામના અગ્રણી વગેરેની મીટીંગ બોલાવી અફવાઓ વિશે જ્ઞાન આપવું જરૂરી બની ગયું છે. ત્યારે તાલુકામાં ગામડે ગામડે જઈને અફવાઓ વિષય પણ જ્ઞાન આપવું એ જરૂરી બની ગયું છે અને પોલીસ દ્વારા વોટસોપ કે ખોટી અફવાઓ ફેલાવનારા ઉપર ઝડપી કાર્યવાહી થાય તે વધારે જરૂરી બની ગયું હોય તેવું હાલ લાગી રહ્યું છે.

# ૧૨ વર્ષ સુધી ભાડું ન ભરાયેલું હોવા છતાં લીઝ ટ્રાન્સફર કરાઈ મંજુરી વગર બાંધકામ થઈ ગયું

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં સામાન્ય ચૂંટણીઓ આડે હવે ગણત્રીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે પાલિકાના ચૂંટાયેલા ભાજપી સભ્યો પણ બે પાંદડે થવાની લ્હાયમાં નીતી નિયમોને અભરાઈએ ચડાવી પાલિકાના આર્થિક હીતોને નુકસાન પહોંચાડી રહ્યા હોવાની રાવ ઉઠી છે. શહેરના માલણ દરવાજા વિસ્તારમાં ગેરકાયદેસર રીતે લીઝ ટ્રાન્સફર કરી અનઅધિકૃત બાંધકામ થયું હોવાની ફરીયાદ ઉઠી છે. ત્યારે પાલિકાના વસુલ લઈ લીઝ ટ્રાન્સફર કરાઈ હોવાની ચર્ચાએ વેગ પકડયો છે. ત્યારે પાલિકાના અપક્ષ સદસ્ય ઈલ્લુ બાદશાહે પણ વહીવટદાર કે.ડી.લાખાણીના સમયમાં જે અનઅધિકૃત બાંધકામો દુર કરાયા હતા. તેને વેચી મારવાના રચાયેલા કારસા સામે રોષ ઠાલવી તેના સામે લડત આપવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો.

બાર-બાર વર્ષના વ્હાણા વાયા ત્યારે કેટલાય કારોબારી ચેરમેન આવ્યા અને ગયા પરંતુ વર્તમાન


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સત્તાધીશો પણ ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવાને બદલે માત્ર હંગામી મનાઈ હુકમ આપી પોતાની ફરજ પુરી કર્યાનો સંતોષ વ્યકત કરી રહ્યા હોવાની ચર્ચાઓને પગલે અનેક તર્ક-વિર્તક વહેતા થયા છે.

ભાજપ શાસિત નગરપાલિકાની ટર્મ પુરી થવાનો સમય જેમ-જેમ નજીક આવતો જાય છે. તેમ કૌભાંડોની હારમાળા સર્જાતી હોવાની રાવ ઉઠી છે. શહેરના માલણ દરવાજા વિસ્તારમાં સને ૨૦૦૩માં જે જગ્યા લીઝ પર આપવાનો ઠરાવ થયો હતો. જેનું છેલ્લા ૧૨ વર્ષનું ભાડું વસુલ થયું ન હોઈ તે લીઝ આપોઆપ કેન્સલ થઈ જતી હોય છે. પરંતુ કહેવાય છે કે, પાલિકાના સત્તાધીશોનો ડોળો પડતા આ જગ્યાનું બાર વર્ષનું ભાડું કારોબારી કમીટીને રાતોરાત કેમ આ લીઝ ટ્રાન્સફર કરવાનો વિચાર આવ્યો??? આ લીઝ ટ્રાન્સફર કરવા પાછળ છ આંકડાની રકમની લેતી-દેતી થઈ હોવાની ચર્ચાઓ વચ્ચે ત્અનેક શંકા-કુશંકાઓ થઈ રહી છે. ૨૫ બાય ૧૦ની એમ બે મળીને કુલ ૫૦૦ ફુટથી વધુ જગ્યા પર વળી મંજુરી વગર બાંધકામ થઈ રહ્યુ હોવા છતાં પાલિકાના વહીવટી વડા અને અમલીકરણ વડાની ચુપકીદી પણ નગરજનોને અકળાવી રહી છે. ત્યારે હવે જીલ્લા કલેકટર દીલીપકુમાર રાણા જ પાલનપુર નગરપાલિકાની જાહેર મિલ્કતોને પાણીના મુલે વેચી મારવાના આ કારસા સામે લાલ આંખ કરે તેવી લોક લાગણી પ્રવર્તી રહી છે.

# પાલાવાસણા ગામનો તલાટી દશ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાયો

મહેસાણા, તા.૫

મહેસાણા ખાતે રાધનપુર ચાર રસ્તા પર સાંતલના એક વ્યકિતના સંબંધીના પ્લોટની એન્ટ્રી કરવા માટે રૂપિયા દશ હજારની લાંચ સ્વીકારતા મહેસાણાના પાલાવાસણા ગામના તલાટી કમ મંત્રી એ.સી.બી.ના છટકામાં રંગે હાથ ઝડપાઈ ગયા હતા.

વીગત એવી છે કે, મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકાના સાંથલ ગામના કિરીટકુમાર પ્રભુદાસ ઓઝાના સંબંધીના પ્લોટની એન્ટ્રી કરવા માટે પાલાવાસણાના તલાટીનો સંપર્ક કર્યોહતો જેથી તલાટીએ આ કામ પેટે રૂપિયા ૨૫૦૦૦ની લાંચની માંગણી કરી હતી. બાદ દશ હજાર રૂપિયા આપવાનું નક્કી થયું હતું. આથી ફરિયાદીએ મહેસાણા લાંચ રૂશ્વત વિરોધી ખાતાની કચેરીએ ફરિયાદ કરતાં લાંચ અંગે છટકું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં સાંજે મહેસાણા ખાતે હાઈવે પર રાધનપુર ચાર રસ્તા પર ફરિયાદી પાસેથી રૂપિયા દશ હજારની લાંચ સ્વીકારતા પાલાવાસણાના તલાટી મનહરદાન ધુળાભાઈ ગઢવી એસીબીના પો.ઈ. સી.એ. પરમાર અને સ્ટાફે ગોઠવેલ છટકામાં રંગે હાથ ઝડપાઈ ગયા હતા. મહેસાણા એસીબી અધિકારીએ તલાટી સામે લાંચ લેવા બદલ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ૧૦ વર્ષથી તલાટી વગર ચાલતી ટીંટીસર (સજાપુર) ગ્રામ પંચાયત

મોડાસા, તા.૫

મોડાસા તાલુકાના ટીંટીસર (સજાપુર) ગામમાં છેલ્લા ૧૦ વર્ષથી તલાટી કાયમી ધોરણે ન મુકાતા ગ્રામ પંચાયતના વહીવટી કામકાજમાં ભારે અગવડ ઉભી થાય છે. ટીંટીસર (સજાપુર) ગામની વસ્તી આશરે ૧૨૦૦ આસપાસ છે અને આ ગ્રામ પંચાયતમાં બે ગામ આવતા હોવા છતાં કાયમી તલાટી ન મળતાં ગ્રામજનોમાં ભારે રોષ વ્યાપ્યો છે. હાલ તંત્ર દ્વારા ઈન્ચાર્જ તલાટીની જોગવાઈ કરવામાં આવી છે જો કે ઈન્ચાર્જ તલાટીને આ ગ્રામ પંચાયત માટે માત્ર બુધવારનો દિવસ ફાળવવામાં આવ્યો છે જેના લીધે કામનું ભારણ વધી જાય છે અને અવ્યવસ્થા સર્જાય છે. ગામના વિદ્યાર્થીઓ કે ગ્રામજનોને કોઈ દાખલાઓ પર સહીની જરુર પડે તો છેક બુધવાર સુધી રાહ જોવી પડે છે નહી તો પછી તલાટીના ઘર સુધી લાંબા થવું પડે છે ત્યારે પ્રજાજનોના નાણા અને સમયનો બગાડ થાય છે જેના કારણે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો છે.



# ખેડબ્રહ્મામાંથી રખડતા ઢોર પકડવાની ઝુંબેશ

ખેડબ્રહ્મા શહેરમાંથી નગરપાલિકા દ્વારા ઢોર પકડવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી તે જે અંતર્ગત બે દિવસમાં ૧૬ જેટલા રખડતા ઢોર પકડવામાં આવ્યા હતા. ખેડબ્રહ્મા શહેરમાં છેલ્લા કેટલાય સમયથી રખડતા ઢોરનો ત્રાસ વધી ગયો હતો જેમાં બસ સ્ટેશન વિસ્તારમાં બે વ્યક્તિઓને અડફેટે લીધા હતા, જ્યારે બ્રહ્માજી ચોકમાં ડેરીમાં દૂધ ભરાવવા આવતી મહિલાઓ પણ ઝપટમાં આવી ગઈ હતી. જેને લઈ નગરપાલિકા ચીફ ઓફિસર દિનેશભાઈ ભાટીયા, સેનેટરી ઈન્સ્પેક્ટર નરેન્દ્રસિંહના જણાવ્યા અનુસાર બે દિવસથી ઢોર પકડવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે જેમાં બસસ્ટેશન, સરદાર ચોક, બ્રહ્માજી ચોકમાંથી ૧૬ જેટલા રખડતા ઢોર પકડી પોળોના જંગલમાં છોડી મુકવામાં આવ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# સોનાસણ ગામે ખેતરમાંથી પાઈપો અને કેબલોની ચોરી

પ્રાંતિજ, તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે રાત્રી દરમિયાન પટેલ હસમુખભાઈ જયંતિભાઈના ખેતરમાંથી મોટરના ખુલ્લા વાયરોનું તથા પાણીના પાઈપો જેની કિંમત અંદાજે ૧૨૦૦૦ની કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર ખેડૂતની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

# મોડાસા બસ સ્ટેન્ડમાંથી ૩ ગઠિયા ઝડપાયા

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ચેઈનસ્નેચરો, પાકીટમારો અને તફડંચી કરનારી ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. ગઠિયાઓ મોડાસા શહેરના ધમધમતા વિસ્તારમાં અને એકલ-દોકલ જતી વ્યક્તિઓમાં કસબ અજમાવતા હોય છે. મોડાસા બસસ્ટેન્ડમાં ચોરીને અંજામ આપવાના ઈરાદે ફરતા ૩ ગઠિયાઓને ઝડપી પાડી મેથીપાક આપ્યો હતો. ત્યારબાદ આ ૩ શખ્સોને મોડાસા પોલીસને હવાલે કરી દીધા હતા. મોડાસા શહેરના બસસ્ટેન્ડ વિસ્તારમાં ૩ ગઠિયાઓની હિલચાલ શંકાસ્પદ જોવા મળતા ચોરી કરવાના ઈરાદે મુસાફરો પર નજર રાખી મુસાફરને શિકાર બનાવવા બસ સ્ટેન્ડમાં રેકી કરતા હતા. ત્યારે મુસાફરોને આ ૩ શખ્સોને ઝડપી પાડી કોઈ ચોરીની ઘટનાને અંજામ આપે તે પહેલા મુસાફરોએ આ ત્રણેય ગઠીયાઓને મેથીપાક આપી સબક શીખવાડી લીયો પોલીસ ચોકીને હવાલે કરવામાં આવ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦